PRISM

Tel : 2380 2370

પ્રીઝમ એટલે નાનું પરિવાર. પ્રીઝમમાં પ્રવેશ કરીએ એટલે રળિયામણું લાગે. હોલમાં બેસતાની સાથે જ કાનમાં 'શ્રીનાથજી' અને શ્રી કૃષ્ણ શરણ મમ :' ની ગુંજ સંભળાય.

સૌ પ્રથમ ૧૮મી નવેમ્બરે મેં પ્રીઝમમાં પ્રવેશ કર્યો 'જય શ્રી કૃષ્ણ' ત્યારે થોડીવાર હું વિચારવા લાગી કે હું બધાની સાથે ભળી શકીશ ? અહી મારૂ કામ નહી. પ્રથમ જયોતિકા બેન સાથે મુલાકાત થઈ તેઓએ મને 'યોગા' ના શિક્ષક વંદનાબેન સાથે મુલાકાત કરાવી. વાતચીત કરતા મને લાગ્યું હું 'યોગા' નહી કરી શકું. તેઓ ઈંગ્લીશ બોલે. મને આવડશે ? તેઓ ગુસ્સે થશે ? આવા વિચારો સાથે મેં 'યોગા' શરૂ કર્યુ. મારી માન્યતા ખોટી પડી. વંદનાબેન સ્વભાવે ખુબ જ સરસ. જયારે જોઈએ ત્યારે મોંઢું હસ્તુ. તે જોઈ 'યોગા' આવડે કે ન સમજુ પણ 'યોગા' કરવાનું મન થાય.

પછી મેં 'AURASCAN' કરાવ્યું.ત્યારબાદ શું કરવું ? તેની સલાહ જયોતિકાબેન તેમ જ પ્રીતિબેને ખુબ જ સરસ સહકાર આપ્યો. પ્રથમ કાયા પર 'એકયુપ્રેશર'. સુંગધી મીઠું જે ગરમ પાણીમાં નાખી શેક લેવો. ઘઉનું પાણી પીવું. કયારેય સાંભળ્યું છે ?શું ખાવું ? શું પીવું ? આવી અનેક સલાહ જે વગર પૈસે કોઈ ન આપે. ડો. પાસે જઈએ તો પણ પ્રથમ કેસ પેપર કઢાવો. લાઈનમાં બેસો. નંબર આવે. એ તો જઈએ તો ખબર પડે, કેમ ને ?

ત્યાર બાદ મેં'ACUPUNCTURE' કરાવ્યું. પ્રથમ તો ડર લાગ્યો. કંઈ શરીરમાં સોય નખાય ? આ સારવાર વિવેક સર આપે છે. અને તેમની વાતો અને 'RELAX' શબ્દ સાંભળતા જ આપણું દર્દ ગાયબ થઈ જાય અને આમ દસ દિવસ કયાં પૂરા થયા તેની ખબર જ ન પડી.

ખરેખર અહી આવીને ખુબ જ સરસ જોવાનું તેમ જ જાણવાનું મળ્યું.

આ મારી ઝીંદગી નો પ્રથમ અનુભવ છે જે કયારેય ન ભૂલી શકાય. મારૂ માનવું છે કે જો દવાખાનામાં દોડા અને ખર્ચાથી બચવું હોય તો અહીની મુલાકાત જરૂર લેજો.

તમે પણ મુલાકાત લઈને વિચારતા થઈ જશો કે વગર દવાએ કંઈ સાજા થઈ શકાય ?

'હેં' શું વાત કરો છો ? દરેકનાં સ્વભાવ સરળ અનુ સારા હોવાથી ખરેખર પરિવાર જેવું લાગે છે. વગર દવા અને ડોકટર વગર સાજા થવા જરૂર મુલાકાત લેશો. ચાલો ત્યારે નલિની નાં 'જય શ્રી કૃષ્ણ'

' જય શ્રી કૃષ્ણ '

નલીની ત્રીવેદી

ફેબ્રુઆરી, 2007